સાબરકાંઠાના ઈડર-વડાલી-ખેડબ્રહ્માની વરસો જૂની પેયજળ સમસ્યાનું નિવારણ કરતી રાજ્ય સરકાર

# ધરોઈ ડેમ આધારિત ૯૬.૧૨ કરોડની પાણી પૂરવઠા યોજનાનુ લોકાર્પણ

## હિંમતનગર-અંબાજી માર્ગ ફોરલેન કરાશે-પદયાત્રીઓ માટે પગદંડી બનશે : ૩૨૬ કરોડના વિકાસ કામો આવનારા દિવસોમાં હાથ ધરશે રાજ્ય સરકાર : મુખ્યમંત્રીના હસ્તે સાબરકાંઠામાં ૨૦૭ કરોડના વિકાસકામોના પ્રજાપર્ણ

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્યમાં હરેક પ્રજાજન-નાગરિકને ઘરઆંગણે શુધ્ધ પીવાનું પાણી પુરૂ પાડવા સર્વગ્રાહી આયોજન સરકારે કર્યુ છે. સરફેસ વોટર પૂરૂ પાડીને ગુજરાતને હેન્ડ પમ્પ-ટેન્કર-બોર મૂકત રાજ્ય બનાવવાની નેમ તેમણે દર્શાવી હતી.

મુખ્યમંત્રી સાબરકાંઠાના ઈડર-વડાલી-ખેડબ્રહ્મા નગરોને પર્યાપ્ત પાણી પુરૂ પાડનારી ૯૬.૧૨ કરોડની ધરોઈ આધારિત પાણી પુરવઠા



યોજનાના લોકાર્પણ અવસરે સંબંધોન કરી રહ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં સરફેસ વોટર આપવાની દિશામાં રાજ્ય સરકાર કાર્યરત છે. ૧૬૭ નગરો અને ચાર હજાર ઉપરાંત ગામડાંઓમાં સરફેસ વોટર પહોચાડયું છે. એટલું જ નહી ૬૦૦ કિ.મી. દૂરથી નર્મદા-ઉકાઈ-ધરોઈ અને કડાણામાંથી પાઈપલાઈન દ્વારા રાજ્યના અનેક વિસ્તારોમાં પાણી પહોચાડયુ છે.

આ પ્રસંગે સાપાવાડા કોટન માર્કેટ, ખેતપેદાશોના સંગ્રહ માટેના



૧૦ ગોડાઉન, અરોડા અને વિરપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ભદ્રેસર અને દેશોતર સબ સેન્ટર મુડેટી ખાતે રાજ્ય અનામત પોલીસ દળની ઓફીસ-બેરેક-આવાસ, હિંમતનગર ખાતે ૧૯૨ જેટલા નવીન પોલીસ આવાસ, પોશીના ખાતે નવીન પોલીસ સ્ટેશન-આવાસો, ખેડબ્રહ્મા ખાતે સ્ટાફ કર્વાટર તથા ડી-૧ યુનિટ સહિત ૨૦૭ કરોડના વિકાસકામોનું લોકાર્પણ કરાયુ હતું. વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરા આ અવસરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ હિમંતનગર-અંબાજી માર્ગને ચારમાર્ગીય ફોરલેન બનાવવાની જાહેરાત કરતા જણાવ્યુ હતું કે આ કામ હાલ પ્રગતિમાં છે ૩૨૬ કરોડના ખર્ચે આ કામ હાથ ધરાયુ છે. રસ્તો પહોળો કરવા ઉપરાંત મુસાફરોની સુરક્ષા અને પદયાત્રીઓની સલામતીને પણ પ્રાધાન્ય આપ્યુ છે. રાજ્યમાં ધાર્મિક સ્થાનોને જો માર્ગો પર પગદંડી બનાવવા રાજ્ય સરકાર આગ્રહી છે અને હિંમતનગર-અંબાજી ચાર માર્ગી પર પણ એ દિશામાં રાજ્ય સરકાર કાર્યરત છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આજથી ઈડર-વડાલીના જનતાને રોજ-રોજ પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરી છે. અગાઉ ૪૫ વર્ષ સુધી શાસનમાં રહેલી કોંગ્રેસે પ્રજાની સમસ્યાઓ ઉકેલી નહી. દીર્ઘદ્રષ્ટિ-આયોજન અને ઈચ્છાશકિતના અભાવે પ્રજાની ઈચ્છાઓ ન સંતોષાઈ પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આયોજનબધ્ધ અને દીર્ઘદ્રષ્ટિથી કામ કરીને જનસુવિધાઓ ઉપલબ્ધ કરી એમ તેમણે ઉમેર્યુ હતું. અમારી સરકાર ગરીબો-પીડિતો-શોષિતોની સરકાર છે ત્યારે જરૂરિયાતમંદોને સસ્તી દવા-ગુણવત્તાયુકત સારવાર-સસ્તા ઓપરેશનની સુવિધા ઊભી કરી છે. ગરીબોને માત્ર ૧૦ રૂા માં ભોજન, જમીન વિહોણાઓને મકાન આપવાની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રાજ્યના સર્વસમાવેશક વિકાસની નેમ રાખી છે અને તેના પગલે તમામ જિલ્લાઓનો સમતોલ વિકાસ થયો છે. છેલ્લા પાંચ




વર્ષમાં માત્ર ઈડર વિધાનસભા વિસ્તારમાં ૫ હજાર કરોડના વિકાસકામો કરાયા છે. સાથે સાથે ખેડૂતોના હિત માટે ગોડાઉન બનાવાયા છે અત્યાર સુધીમાં ૪૮૨ કરોડના ગોડાઉન બન્યા છે અને આજે નવ-દસ ગોડાઉન કાર્યાન્વિત કરાયા છે. આજ વિસ્તારમાં ૬૩૫ કરોડના રસ્તાના કામો પાંચ વર્ષમાં સંપન્ન થયા છે.

# પાલનપુરનો આનંદ મેળો વિવાદના વમળમાં સંચાલકો અને તંત્રની મિલીભગતના આક્ષેપ

### ફરિયાદીએ પાંચ દિવસ અગાઉ કલેકટરને ફરિયાદ કરી છતાં કોઈ તપાસ ન થઈ હોવાની રાવ

પાલનપુર શહેરના રામલીલા મેદાનમાં આવેલા આંનદ મેળાની મંજૂરીમાં ગેરરીતિ આચરાઈ હોવાની ચર્ચા વચ્ચે મેળો મહાલવા આવતા લોકોના જન આરોગ્ય સાથે ચેડાં થવાની દહેશત વ્યક્ત થઈ રહી છે.

આવી છે. જોકે, મેળામાં વિસ્તારની દ્રષ્ટિએ એનાથી પણ વધુ જગ્યાનો ઉપયોગ કરી ને સરકારની આંખમાં



હોવાની રાવ ઉઠી છે. મેળાના સંચાલકોએ તંત્રની મિલી ભગતથી મંજૂરી કરતા વધારે જગ્યા મેળા માટે વાપરી લાખોનું કૌભાંડ આચર્યુ હોવાની ફરિયાદ ઉઠી છે. વળી, રામલીલા મેદાનની બાજુ માંજ ડોક્ટરો ની હોસ્પિટલો આવેલી છે. ત્યાં જ મેળાના સંચાલકો દ્વારા ખાણી પીણીના સ્ટોલ ઉભા કરાયા છે. આ જગ્યાએ બાયો મેડિકલ વેસ્ટ નખાતો

પાલનપુર શહેરમાં વેકેશનના પગલે આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, મેળાની શરુવાત પહેલાજ મેળો વિવાદમાં આવી ગયો છે. જેને લઈ જિલ્લા કલેકટર કચેરીમાં આ માંમલે લેખિત ફરિયાદ કરી તપાસ ની માંગ કરવામાં આવી છે. ફરિયાદી દિપક સોનીનું માનીએ તો મેળાને ૨ હજાર ચોરસ મીટરની મંજૂરી આપવામાં ધૂળ નાખવામાં આવી રહી છે.

ફરિયાદીએ પાંચ દિવસ આગાઉજ લેખિત ફરિયાદ કરીને જીલા કલેકટર કચેરીની મનોરંજન શાખાનું ધ્યાન દોર્યું હતું.જોકે, મનોરંજન શાખાના બાબુઓએ આ મામલે હજુ તપાસ કરી ન હોવાના આક્ષેપો થતા કલેક્ટર કચેરીની મનોરંજન શાખાની કામગીરી સામે પણ શંકા કુશંકાઓ થઈ રહી છે.

# બનાસકાંઠામાં વ્યાજખોરીના વિષચક્રમાં વધુ એક જિંદગી હોમાઈ

### પાલનપુર બસ સ્ટેન્ડમા સેલફોજની ગોળીઓ ખાઈ જીવનલીલા સંકેલી લેતા ચકચાર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વ્યાજખોરીના વિષચક્રમાં છેલ્લા છ માસમા ૪ આપઘાતના બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. જિલ્લા માં ગાદલવાડા-કાંકરેજ-આકેડી અને છાપીમાં વ્યાજખોરીના ત્રાસથી મોત થઈ ચૂક્યા છે. ત્યારે આજે વધુ એક માનવ જિંદગી વ્યાજખોરીના ખપ્પર માં હોમાઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. વડગામ તાલુકા ના કોદરામ ના વતની અને હાલ પાલનપુર મા રહેતા શિક્ષકે વ્યાજખોરો ના ત્રાસ થી જીવનલીલા સંકેલી છે. ત્યારે પાલનપુર પૂર્વ પોલીસ મથકે એક મહિલા સહિત પાંચ સામે ફરિયાદ દાખલ થઈ છે.

બનાસકાંઠા મા વ્યાજખોરો ને જાણે જિલ્લા મા છૂટો દોર મળી ગયો હોય તેમ ધાકધમકી અને પઠાણી ઉઘરાણી કરી વ્યાજે રકમ લેનાર ને આપઘાત માટે મજબૂર કરાય છે. પોલીસ ફરિયાદ થાય છે આરોપીઓ જામીન પર છૂટી જાય છે અને વ્યાજખોરોને મોકળું મેદાન મળી જાય છે. આવી ઘટનાઓને લઈ પોલીસ તંત્ર પર અનેક સવાલ ઉઠે છે. ત્યારે પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલા સદગુરૂ બંગ્લોઝમાં રહેતા દશરથભાઈ દરજીએ વ્યાજખોરોના ચક્કરમાં આવી જતા ડિપ્રેશનમાં આવી જઈ પાલનપુર એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે સેલ્ફોઝની ગોળીઓ લઈ જીવનલીલા સંકેલી લીધી હતી. તેઓના પુત્ર ભાવિકભાઈએ પઠાણી ઉઘરાણી કરી તેમના પિતાને આત્મ હત્યા કરવા મજબુર કરનાર એક મહિલા સહીત ૫ જણા સામે ફરિયાદ નોંધાવી છે. પૂર્વ પોલીસે (૧) બબિતાબેન ચૌધરી રહે. બેચરપુરા, શિવશક્તિ સોસાયટી, પાલનપુર (૨) ધર્મેન્દ્રભાઈ શાહ રહે. હનુમાન ટેકરી, તિરૂપતિ બંગ્લોઝ, પાલનપુર (૩) ઐયુબભાઈ મણાસિયા રહે.ચડોતર,તા.પાલનપુર (૪)રતિલાલ પ્રજાપતિ રહે.બેચરપુરા, પાલનપુર (૫) હેમાભાઈ પરમાર રહે.હનુમાન ટેકરી, પાલનપુર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અડપોદરામાં હડકાયા કૂતરાઓનો આતંક, ૯ પશુઓને બચકા ભર્યા, બે પશુઓના મોત


### હડકાયા કૂતરાએ અન્ય એક કૂતરાને બચકાં ભરતાં તે પણ હડકાયું થતાં ગામમાં ભયનો માહોલ

મોડાસા, તા. ૨૫

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના અડપોદરા ગામમાં હડકાયા કૂતરાઓના આંતકથી ગામમાં ભયના માહોલ સાથે અફડાતફડી મચી જવા પામી હતી. કૂતરો પણ હડકાયો બન્યો હતો. ગામમાં લગ્નસિઝનમાં બે કૂતરા હડકાયા બનતા ગામલોકોમાં ભય ફેલાયો હતો. હડકાયા બનેલા બે કૂતરાઓએ આખા ગામને ઘમરોળી નાખ્યુ હતુ. બે કૂતરાઓને હડકવાની જ્યારે હજુ પણ એક કૂતરાનો આતંક યથાવત રહેતા લોકોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો. હડકાયા કૂતરાએ એક પાળેલા કૂતરા તેમજ એક રખડતા કૂતરા સહિત બળદ, વાછરડાં, ગાય તેમજ પાડીઓને

#### ગ્રામજનો શુ કહે છે

આ અંગે અડપોદરાના અશ્વીનકુમાર ભીખાભાઈ પટેલના જણાવ્યાનુસાર ગામમાં બે હડકાયા કૂતરાઓએ ભારે આતંક મચાવી દીધો હતો. જેમાં કુલ ૧૦ પશુઓને બચકાં ભરતા બે વાછરડાંના મોત નિપજ્યા હતા. વેટેનેરીને જાણ કરતા ડૉક્ટરોએ તાત્કાલિક ગામમાં ભોગ બનેલા પશુઓને રસી આપવાની કામગીરી શરૂ કરી દીધી હતી.



અડપોદરામાં હડકાયા બનેલા કૂતરાઓએ બે કૂતરા સહિત અન્ય ૭ પશુઓને બચકાં ભરતાં ગામમાં હાહાકાર મચી ગયો હતો. હડકાયા બનેલા કૂતરાએ રખડતાં એક કૂતરાને પણ બચકુ ભર્યુ હતુ જેને લીધે તે અસર થતા ગામમાં લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી અને રાતદિવસ પહેરો ભરવાની નોબત ગામલોકો પર આવી પડી હતી. ગામલોકોએ મહામુસીબતે હડકાયા બનેલા એક કૂતરાને મારી નાખ્યુ હતુ. બચકાં ભર્યા હતા. જેમાં બે વાછરડાના મોત નિપજ્યા હતા. હડકાયા કૂતરાના આતંકથી બે વાછરડાના મોત થતા પશુપાલકોને ભારે નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો.

# મેઘરજ ખાતે તાલુકા આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

મેઘરજ, તા. ૨૫

મેઘરજ ખાતે મેઘરજ તાલુકા ડુંગરી ગરાસીયા વિકાસ મંડળ દ્વારા સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાતા જેમાં ૨૨ નવ દંપતીઓ જોડાયા હતા. અગાઉ ૪ સમૂહલગ્નો મેઘરજ ખાતે રામદેવ આશ્રમમાં યોજાયા હતા. ત્યાંથી પ્રેરણા લઈ આ સમાજે મોડાસા મેઘરજ રોડ ઉપર કુભેરા ખાતે વિશાળ જગ્યા લઈ ત્યાં પાંચમો સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ કન્વીનર રૂપાભાઈ માનત તમામ પધારેલ મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપ્યો હતો. સમારંભના અધ્યક્ષસ્થાને ચંદ્રિકાબેન પી. બરેડા રહ્યા હતા. જયારે મુખ્યદાતાઓમાં સ્વ. શનાભાઈ સુકાભાઈ બરંડા, ગં.સ્વ. કમુબેન શનાભાઈ બરંડા પરિવાર હાજર રહ્યો હતો. આ પ્રસંગે પી.સી. બરંડાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે કુભેરા ખાતે જે ડુંગરી ગરાસીયા મંડળ દ્વારા જમીન મેળવી વિશાળ સંકુલ બનાવવામાં આવી રહ્યું છે. તેમજ આ વિશાળ સંકુલ સમાજના તમામ વર્ગોને ઉપયોગી થાય અને મંડળ દિન પ્રતિવિકાસ કરે તેવી પ્રતિદિન શુભેચ્છઆ પાઠવી હતી.

શ્રી રામદેવ આશ્રમ વૈયા મેઘરજના મહંત દિપુબાપુએ ૨૨ નવ યુગલોને આશીર્વાદ આપ્યા હતા. આ પાંચમો સમૂહ લગ્નમાં ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અત્યાર સુધીમાં ૧૨૭ જોડા આ સમુહલગ્નમાં જોડાયેલા હતા.




## પાલનપુર પાલિકાની નિષ્ક્રિયતા સામે કોંગ્રેસની રેલી

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના અણઘડ વહીવટ સામે આજે વિપક્ષ કોંગ્રેસએ બાંયો ચડાવી હતી. શાશક પક્ષ ભાજપના નિષ્ફ્લ વહીવટ, કોટના અંદરના વિસ્તાર પરત્વે દાખવાતું ઓરમાયું વર્તન, પાણીજન્ય રોગમાં બેદરકારી, ભ્રષ્ટ વહીવટ સામે મોડે...મોડે...પણ બ્રહ્મજ્ઞાન લાધતા વિપક્ષ કોંગ્રેસે આવાજ ઉઠાવતા લોકો વચ્ચે જવાનો પ્રયાસ કરી રેલી યોજી હતી. બાદમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં મામાની હત્યા કરનાર ભાણીયો ઝડપાયો

ભિલોડા,તા.૨૫

ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં મામાની હત્યા કરનાર હત્યારો ભાણીયો પોલીસ ધ્વારા ગત રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાના અરસામાં ઝડપાયો હતો. મામાએ ભાણીયાને પત્ની લાવી આપી હતી પરંતુ પત્ની એક દિવસ રહ્યા બાદ ઘર છોડી ચાલી જતાં ભાણીયો આવેશમાં આવી ગયો હતો ત્યારે ભાણીયાએ મામાની હત્યા કરતાં ચકચાર મચી જવા પામી હતી.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.એચ. સોલંકીના જણાવ્યા મુજબ ઉબસલ ગામના ખેડુત ડાહ્યાભાઈ જીતાજી ડાભીની હત્યા કરનાર ભાણેજ સુખાભાઈ સરતાનભાઈ તરાર, રહે.બોલુન્દ્રા, તા.ભિલોડાના ઈસમને બોલુન્દ્રા ગામના સીમવિસ્તારમાંથી તા.૨૪/૫/૨૦૧૭ ને બુધવારના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાના અરસામાં ધરપકડ કરી જેલના હવાલે કર્યો હતો. ઉબસલ ગામના હત્યારાના રીમાન્ડ મંજુર કરાવવા સંદર્ભે ભિલોડા કોર્ટમાં હત્યારાને મેજીસ્ટેટ સમક્ષ હાજર કરાયો હતો. રીમાન્ડ મેળવવા પોલીસ ધ્વારા તજવીજ હાથ ધરાઈ હતી.

# મહેસાણા ખાતે ક્લાઈમેટ ચેન્જ અંગે જનજાગૃતિ માટે પ્રદર્શન યોજાયુ

મહેસાણા, તા. ૨૫

રાજ્ય સરકાર દ્વારા ક્લાઈમેટ ચેન્જ વિભાગ હસ્તકની વિવિધ યોજનાઓ થકી લોકોમાં સૌર-ઉર્જા માટે જાગૃતિ આવે તે હેતુથી મહેસાણા નવીન એસ.ટી બસસ્ટેન્ડ ખાતે પ્રદર્શનનું આયોજન કરાયું છે. પ્રદર્શન જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા ખુલ્લું મુકાયું. આ પ્રદર્શન ૨૫ મે ૨૦૧૭થી ૨૭ મે ૨૦૧૭ સુધી ત્રિ-દિવસીય ચાલનાર છે જેનો જાહેર જનતાને લાભ લેવા અનુંરોધ કરાયો છે.

મહેસાણા નવીન બસસ્ટેન્ડ ખાતે બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોત પર આધારીત પ્રદર્શનનું ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે વાતાવરણીય ફેરફારો એ સમગ્ર વિશ્વનો ચિંતાનો વિષય બની ગયેલ છે. આ સમસ્યા નિવારણ માટે બિનપરંપરાગત ઉર્જાના સાધનો-સ્ત્રોતોનો ઉપયોગ જરૂરી બન્યો છે. ઉર્જાના સ્ત્રોતોના મુખ્ય બે પ્રકાર છે. એક પરંપરાગત ઉર્જા સ્ત્રોતો અને બીજા બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતો. પરંપરાગત ઉર્જા સ્ત્રોતોમાં કોલસો, ગેસ અને પેટ્રોલીયમ પેદાશોનો સમાવેશ થાય છે. હાલ જે રીતે તેનો ઉપયોગ થઈ રહ્યો છે તે જોઈએ તો તેનો પુરવઠો કાયમ ચાલે તેમ નથી. આ સંજોગોમાં માનવજાતની ઉર્જાની જરૂરીયાતોની પરિપૂર્તિ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું જરૂરી બનેલ છે. જે અંતર્ગત આ પ્રદર્શન થકી લોકોમાં સૌર-ઉર્જાનો ઉપયોગ બાબતે જાગૃતિ આવશે તેમ જણાવ્યું હતું.

નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે બિનપરંપરાગત ઉર્જાના સાધનોના ઉપયોગનો સંદેશ છેક છેવાડાના માનવી સુધી જાય અને તેમને લાભાન્વિત કરી શકાય તે સારૂ પ્રદર્શનનું આયોજન કરાયું છે.

# પાલનપુરમાં શનિ જયંતિ ઉલ્લાસભેર ઉજવાઈ

પાલનપુર, તા. ૨૫

પાલનપુર ખાતે સૂર્યપુત્ર શનિદેવની જન્મ જયંતિની ભારે શ્રદ્ધાંપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના શનિ મંદિરો સહિત હનુમાનજીના મંદિરોમાં આજે ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. શ્રદ્ધાળુઓએ શનિમહારાજને રીઝવવા માટે હોમ-હવન, પ્રાર્થના સહિત વિશેષ આરાધના કરી હતી.

સૂર્ય પુત્ર અને યમરાજાના ભાઈ શનિમહારાજની જન્મ જયંતિની આજે પાલનપુરમાં ભારે આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુરના ખોડા લીમડા વિસ્તારમાં આવેલા શનિદેવના મંદિર ખાતે આજે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ધસારો રહ્યો હતો. શનિદેવ ઉપરાંત હનુમાન મંદિર ખાતે પણ ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. શનિમહારાજ સહિત હનુમાનજીના મંદિરોમાં આજે હોમ-હવન અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા.

શનિમહારાજની કૃપાદષ્ટિ મેળવવા ભક્તોએ શનિદેવના દર્શન કરી તલના તેલથી અભિષેક કરી તેઓને કાળા તલ, ગોળ, કાળુ કપડુ, અડદ ઈત્યાદિ વસ્તુઓ અર્પણ કરી હતી. આમ પાપ ગ્રહો અને શનિની સાડાસાતીની પનોતીમાંથી મુક્ત થવા માટે ન્યાયપ્રિય શનિદેવના મંદિરે ભક્તોની ભારે ભીડ જામી હતી.

